ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# ગુજરાત રાજ્યના ગ્રંથાલયોના ગ્રંથપાલનો કાર્ય સંતોષ:

## એક અભ્યાસ

પૂનમ રાવલ, ડૉ. ગીતાબેન શાહ, ડૉ. યોગેશ પારેખ

રિસર્ચ સ્કૉલર, સુપરવાઈઝર, કો- સુપરવાઈઝર

લાઈબ્રેરી સાયન્સ ભવન, સી. યુ. શાહ યુનિવર્સિટી

વઢવાણ સીટી

## સાર:

પ્રસ્તુત સંશોધન પેપરમા સશોધક ગુજરાત રાજ્યના કર્મચારીને મળતા કાર્ય સંતોષ પર અભ્યાસ કરે છે. જેના માટે તેઓએ 100 ગ્રંથપાલને પ્રશ્નાવલી આપી તેમનો પ્રતિસાદ મેળવ્યો જેમાથી માત્ર 50 ગ્રંથપાલે તેમનો પ્રતિસાદ આપેલ છે, જેના દ્વારા સાબિત થાય છે કે ગ્રંથાલયના કર્મચારીઓ નો સૌથી મોટો અસંતોષ નો પરિબળ તેમને મળતુ અયોગ્ય નાણાકીય વળતર છે આ ઉપરાંત અન્ય પરિબળો પણ આ લેખ મા દર્શાવામા આવ્યા છે.

## પ્રસ્તાવના:

આધુનિકતા ની દોડ તરફ માણસ હમેશા આગળ વધતો રહ્યો છે. સમય બદલાતા નવીનતમ ટેક્નોલોજીનો વિકાસ થતો રહ્યો અને માણસ તેની સાથે પોતાને અને પોતાની જીવન શૈલી બદલતો રહ્યો છે. એ હકીકત છે કે નાણાકીય વળતર મહત્વનુ છે કોઈ પણ કાર્ય કરવા માટે. સારું વળતર કાર્ય સંતોષ આપે છે. પણ હમેશાં એ હકીકત સાચી નથી નોકરી ધંધામાં ક્યારેક એવું બને છે કે ઉત્તમ નાણાકીય વળતર હોવા છતા કર્મચારી ને કાર્ય સંતોષ મળતા નથી. જેનું કારણ તેમની લાગણી અથવા સમ્માન ને ઠેસ પહોચતી હોય શકે છે. આવા સંજોગોમાં તેમને કાર્ય કરવાનો કંટાળો આવે છે અને તેમને કામ અને કામ કરવાના સ્થળ પર અસંતોષ થાય છે.

માણસ જે કામ કરે તેમાં તેને ખુશી મળે તે જરૂરી છે. તેણે કરેલા કામનો સંતોષ તેને પોતાના ઉત્સાહ અને કાર્ય ક્ષમતામાં વધારો કરે છે.

ટેક્નોજી ના કારણે યંત્રો દ્વારા કામ કરવામાં આવતું હોય છે. આ યંત્રો ઝડપી કાર્ય કરે છે તેમજ આ કાર્ય

ચોકસાઇ પૂર્વક થાય છે. આ યંત્રો ચલાવવા માટે માણસ ને જરૂર પડે છે. તેથી તેમની પાસે યંત્રો ચલાવવા માટે પૂરતું જ્ઞાન હોવું પણ જરૂરી છે. મેનેજમેંટ દ્વારા જ્યારે સાથ આપવામાં ન આવે, યંત્રો શીખવા કે બીજા કોઈ વિકાસ માટે ત્યારે કાર્ય પ્રત્યે અસંતોષ જન્મે છે. અને આ રીતે કરેલા કામો સારી રીતે પૂર્ણ થતાં નથી.

પ્રસ્તુત સંશોધન પેપર ગ્રંથાલય ના કર્મચારીઓમાં કાર્યસંતોષ પર લખવામાં આવેલ છે. કર્મચારી એ કોઈ પણ ક્ષેત્રે મહત્વનુ પરિબળ છે. જો સંસ્થાના કર્મચારી કાર્ય સંતોષ ના હોય તો તે ક્યારે પણ પ્રગતિ કરી શકતી નથી. નાણાકીય સુખ  સાથે તેમનો માન સન્માન અને દરજ્જો કાર્ય સંતોષ માટે એટલા જ મહત્વના છે.

જો ગ્રંથાલય અને માહિતી ની વાત કરીએ તો આજના યુગ માં માહિતી 24*7 પ્રાપ્ય સ્રોત છે. અને ગ્રંથાલય એ માહિતી આપવા તથા પ્રાપ્ત કરવાનો મહત્વનો સ્રોત છે. જેના કારણે ગ્રંથાલય ના કર્મચારીઓ એક મહત્વની ભૂમિકા ભજવે છે. આવા સંજોગોમાં તેમનો કાર્ય સંતોષ અત્યંત જરૂરી છે. શું ટેક્નોલોજી ના વિકાસ સાથે ગ્રંથાલય અને ગ્રંથપાલ નું મહત્વ ઘટતું જાય છે અને જો એ હકીકત સાચી છે તો તેમની કર્મચારીના કાર્ય ક્ષેત્ર પર સકારાત્મક કે નકારાત્મક અસરો ઉત્પન્ન થાય છે તેનો અભ્યાસ કરવા માટે આ સંશોધન કરવામાં આવેલ છે.

## સાહિત્ય સમીક્ષા :

જે. ડબલ્યુ બેસ્ટના મત અનુસાર, “ વ્યાવહારિક દ્રષ્ટિએ સમગ્ર માનવવિજ્ઞાન ગ્રંથો અને ગ્રંથાલયોમાં પ્રાપ્ત કરી શકાય છે; અન્ય જીવો દરેક પેઢી થી નવો પ્રારંભ કરે છે માનવસમાજ સ્વાનુભવો સુરક્ષિત રાખી જ્ઞાનના પ્રવાહમાં નિરંતર ઉમેરો કરે એવા બધા જ ક્ષેત્રોના વિકાસમાં કારણભૂત બને છે.”

M. Purushothama Gowda પ્રસ્તુત લેખ Job satisfaction of library and Information science professionals in the academic libraries in Dakshina Kannada District- A Study" માં કર્મચારીઓ ના કાર્ય ક્ષેત્ર પર અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં અલગ અલગ પાસાઓ જેવા કે વ્યવસાયના કર્મચારીઓના પ્રમોશન અને પગાર, તેઓની પ્રમોશન પોલિસી, મેનેજમેંટ નો તેમના પ્રત્યે નો વ્યવહાર વગેરે પાસાઓ ધ્યાનમાં લેવાયેલા છે.

V. Pulla Reddy પ્રસ્તુત લેખ Job Satisfaction of Library Professional Staff માં ગ્રંથાલય માં કામ કરતાં કર્મચારીઓનો કાર્ય સંતોષ વિષે અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં શૈક્ષણિક લયકાત, ઉમર, અનુભવ, પગાર ધોરણ, જેવી અનેક બાબતો ધ્યાનમાં લેવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ કર્મચારીઓ નો કાર્ય સંતોષ વધારવા માટે પ્રયાસો કરવા માટેનો છે.

## સંશોધનના હેતુઓ

સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(1) ગ્રંથાલયના કર્મચારીઓ પ્રત્યે ઉપરી અધિકારીઓનો અભિગમ

(2) ગ્રંથાલયના કર્મચારીઓને મળતું નાણાકીય વળતર અને બીજા લાભો.

(3) ગ્રંથાલયના કર્મચારીઓના કાર્ય ક્ષેત્ર પર અસર કરતાં પરિબળો

(4) નવીનતમ ટેક્નોલોજીની કર્મચારી ના કાર્ય ક્ષેત્ર પર અસર

## સંશોધન પદ્ધતિ:


પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવેલ છે. કૂલ 100 પ્રશ્નાવલિ આપવામાં આવેલ જેમાંથી 50 પ્રશ્નાવલિ પરત મળેલ છે. આ પ્રશ્નાવલિ દ્વારા માહિતી નું પૃથક્કરણ કરી તારણ મેળવવા માં આવેલ છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

## માહિતીનું પૃથ્થકરણ અને વર્ગીકરણ :

કુલ મળેલ પ્રતિસાદ :


| પ્રતિસાદ | |
|---|---|
| કૂલ પ્રતિસાદ | 100 |
| મેળવેલ પ્રતિસાદ | 50 |
| પરત ન મળેલ પ્રતિસાદ | 50 |




ઉપર્યુક્ત આલેખમાં દર્શાવ્યા પ્રમાણે કૂલ 50 કર્મચારીઓએ પ્રતિસાદ આપેલ છે.

હેતુ :1 ગ્રંથાલય ના કર્મચારીઓ પ્રત્યે ઉપરી અધિકારીઓ નો અભિગમ

| ઉપરી અધિકારીઓ નો અભિગમ | |
|---|---|
| યોગ્ય માર્ગદર્શન | 12 |
| ગ્રંથાલયના વિકાસ માટે યોગ્ય પગલાં | 10 |
| પૂરતા સ્ટાફ ની ભરતી | 8 |
| કાર્યની સમાન વહેચણી | 20 |




ઉપરના આલેખ મુજબ ઉપરી અધિકારીઓનો અભિગમ અલગ અલગ છે. 12 લોકોના મત પ્રમણે ઉપરી અધિકારી દ્વારા માર્ગદર્શન મળી રહે છે, 20 લોકોના માનવા મુજબ ઉપરી અધિકારી કાર્યની સમાન વહેચણી કરે છે, 10 લોકો ના પ્રતિસાદ મુજબ ઉપરી અધિકારીએ ગ્રંથાલયના વિકાસ માટે યોગ્ય પગલા લેવા જોઇએ અને 8 લોકોના પ્રતિસાદ મુજબ પૂરતા સ્ટાફ ની ભરતી આવશ્યક છે.

હેતુ 2 : ગ્રંથાલયના કર્મચારીઓને મળતું નાણાકીય વળતર અને બીજા લાભો.

જ્યારે કર્મચારીઓને પૂછવામાં આવ્યુ આવ્યુકે તેઓને તેમના કાર્ય અને દરજ્જા પ્રમાણે વળતર મળે છે કે નહી તેમનો પ્રતિસાદ નીચે મુજબ છે.


| ગ્રંથાલયના કર્મચારીઓને મળતું નાણાકીય વળતર અને બીજા લાભો. | |
|---|---|
| યોગ્ય વળતર મેળવે છે | 20 |
| ફિક્સ વળતર મેળવે છે | 30 |




આપેલ પ્રતિસાદ પ્રમાણે મોટા ભાગના ગ્રંથાલય ના કર્મચારીઓ ફિક્સ વેતન મેળવે છે અને જેને કારણે તેમને હમેશા કાર્ય પ્રત્યે અસંતોષ રહે છે.

હેતુ 3 ગ્રંથાલયના કર્મચારીઓના કાર્ય ક્ષેત્ર પર અસર કરતાં પરિબળો

| ગ્રંથાલયના કર્મચારીઓના કાર્ય ક્ષેત્ર પર અસર કરતાં પરિબળો | |
|---|---|
| કામના કલાકો | 4 |
| સમાન કાર્ય | 5 |
| ગ્રંથાલય ના વિકાસ માટે સહકાર | 10 |
| સંસ્થામા એક આદરણિય દરજ્જો | 11 |
| યોગ્ય વળતર | 20 |




VIDHYAYANA

ગ્રંથાલયના કર્મચારીઓના કાર્ય ક્ષેત્ર પર સૌથી વધુ અસર કરનાર પરિબળ તેમેન મળતુ વળતર છે, ત્યારબાદ 11 કર્મચારીના પ્રતિસાદ મુજબ સંસ્થામા એક આદરણિય દરજ્જો હોવો એ પણ મહત્વનુ છે, 10 કર્મચારી માને છે કે ઉપરી અધિકારી તરફથી ગ્રંથાલય ના વિકાસ માટે સહકાર મળવો આવશ્યક છે, આજ રીતે સમાન કાર્ય વહેચણી અને કામના કલાકો પણ મહત્વનો ભાગ ભજવે છે.


હેતુ: 4 નવીનતમ ટેક્નોલોજીની કર્મચારી ના કાર્ય ક્ષેત્ર પર અસર

આજે નવીનતમ ટેક્નોલોજી એ સમાજના દરેક કાર્ય ક્ષેત્ર પર અસર કરી છે, જેમા લાઇબ્રેરીનો પણ સમાવેશ થાય છે. જેમકે લોકોને ઇન્ટરનેટ ની મદદથી તેમના ફોન દ્વારાજ બધીજ માહિતી મળી જાય છે, આ વિકાસની

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

કર્મચારી પર અને તેમના કાર્ય પર અસર થાય છે જે અહી સંશોધક દ્વારા દર્શાવેલ છે.

| નવીનતમ ટેક્નોલોજીની કર્મચારી ના કાર્ય ક્ષેત્ર પર અસર | |
|---|---|
| ગ્રંથાલયનુ કાર્ય ઝડપી બન્યુ | 9 |
| ટેક્નોલોજી ને કારણે ગ્રંથાલયની પાયાની કામગીરી બદલાઇ | 10 |
| કર્મચારીની આ ટેકનોલોજી અપનાવા માટે ઉપરી અધિકારીનો સહકાર | 12 |
| યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય તાલીમ | 5 |
| બદલાયેલ જવાબદારી જોડે કામનુ યોગ્ય વળતર | 14 |




નવીનતમ ટેકનોલોજી કર્મચારીના કાર્યક્ષેત્ર પર અસર કરે છે. અહી પણ કર્મચારીઓ બદલાયેલ કામગીરી સાથે યોગ્ય વળતરની આશા રાખે છે. આ ઉપરાંત તેઓ ઉપરી અધિકારીઓ પાસેથી સહકાર, યોગ્ય તાલીમની અપેક્ષા પણ રાખે છે.

## ઉપસંહાર:

આમ તમામ માહિતિના પૃથ્થકરણ થી તારણ મેળવી શકાય છે કે કર્મચારી ના કાર્ય સંતોષ મા સૌથી મહત્વનુ પરિબળ તેમને યોગ્ય નાણાકીય વળતર મળે એ છે, આ ઉપરાત કર્મચારીઓને ઉપરી અધિકારી તરફ થી સહકાર તેમજ સંસ્થામા યોગ્ય માન જેને માટે તેઓ હક્કદાર છે એ મળતા નથી. આ પરિબળો કર્મચારીમા કાર્ય

પ્રત્યે તેમજ કામના સ્થળ પ્રત્યે સંતોષ જન્માવે છે. આ પરિબળો સુધારવામાં આવે તો ગ્રંથાલય ના કર્મચારીઓ વધુ સારી રીતે કાર્ય કરી શકે છે.

## સંદર્ભસૂચિ

Andrew J.Du Brin (1988). The Practice of Supervision, New Delhi; universal bookstall, p.58.

Bhatia, S.K. (2006). Human Resource Management. Rajouri: Deep & Deep Publication pvt- ltd, p. 836

Feldman.D.C. and Arnold .H.J. (1983). Managing Individual and Group Behaviour in Organizations, New York, McGraw-hill, p l92.

G.J. Mouly. (1977). The Science of Educational Research. New Delhi Eurasia Publishing House pvt. ltd. p.111.

Gowda. M. Purushothama (2003). Job satisfaction of library and Information science professionals in the academic libraries in Dakshina Kannada District- A Study. ((Doctoral Thesis, Mangalore University) http://shodhganga.inflibnet.ac.in:8080/jspui/handle/10603/131647 (Accsessed on 20/1/2016).

Harrison, Kalu U. and P. Havard – Williams. (1987). Motivation in a Third World Library System, International Library. Review, 19, 249-260.

Mahapatra, M. (1995). Status and Job satisfaction of the women library Professional a comparative study in few university of eastern India. (Doctoral Thesis, Utkal University) http://hdl.handle.net/10603/118314 (Retrieved on 20/1/2020 10.36am.)

Murray, R. A. (1999). Job satisfaction of professional and paraprofessional library staff at the University of North Caroline at Chapel Hill. A Master's paper for the M.S. in L.S. Degree.

Nikhil, Hazarika. (2016). Job satisfaction of University Library Professionals in Assam a Critical Analysis (Doctoral Thesis, Gauhati University). http://hdl.handle.net/10603/192703 (Retrieval on 20/1/2020, 10.47am).

Raza, M. M. & Gupta, A. (2000). Job satisfaction and job anxiety among library professional employees working in Delhi University library system. IASLIC Bulletin, 45 (3), 129-134

Reddy, V.P. (1992). An enquiry into the incentives for professional staff working in college and university Libraries, In Naidu, N. Guruswamy: Librarianship in Developing Countries. New Delhi: Ess Ess Publications.